ગાંધીનગર સમાચાર
ઉત્તર ગુજરાત
સાબરકાંઠા - અરવલ્લી
તા. ૨૮-૧-૨૦૨૨, શુક્રવાર ૫



# હિંમતનગર - મોડાસા ખાતે આન-બાન-શાન સાથે પ્રજાસત્તાક પર્વની ઉજવણી

## હિંમતનગર ખાતે પ્રભારીમંત્રી કુબેરભાઇ ડીંડોરે અને જિલ્લા કલેકટર નરેન્દ્રકુમાર મીનાએ ધ્વજ વંદન કરી સલામી આપી

હિંમતનગર તા.૨૭ સાબરકાંઠા જિલ્લાકક્ષાના ૭૩માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી હિંમતનગર પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાઈ હતી.




જેમાંરાજ્ય કક્ષાના ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રી અને જિલ્લા પ્રભારીમંત્રીશ્રી ડૉ .કુબેરભાઈ ડીંડોરના વરદ હસ્તે ધ્વજવંદન કરી પરેડની સલામી ઝીલી અને નાગરિકોને પ્રેરક સંબોધન કરી ઉજવવામાં આવ્યો હતો.

૭૩મા પ્રજાસત્તાક પર્વની સૌને શુભકામના પાઠવી શહીદોને વંદન કરી પ્રભારીમંત્રીશ્રી એ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના સ્વપ્રને સાકાર કરવાની દિશામાં રાજ્ય સરકાર આગળ વધી રહી છે. વડાપ્રધાનશ્રીના સબળ નેતૃત્વમાં વિકાસની કેડી કંડારી છે તે પથ પર રાજ્ય સરકાર આગળ વધીને સૌનો સાથ,સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ સૂત્ર દ્વારા ગુજરાતના વિકાસને આગળ વધારવાના પ્રયાસ કરી રહ્યા હોવાનું જણાવ્યું હતું

રાજ્ય સરકાર દ્વારા મહિલાઓના સશક્તિકરણ માટે, વંચીતો, પછાતો, વનબંધુઓના વિકાસ માટે પરીણામલક્ષી કાર્ય કરી રહ્યા છે. વૈશ્વિક મહામારી કોરોનાથી નાગરીકોને બચાવવા આરોગ્ય સેવાઓ પુરી પાડી અને રસીકરણનુ મહાઅભિયાન ચલાવ્યું સાથે હાલમા કોરોનાનો પ્રિકોશન ડોઝ આપવાની કામગીરી પણ યુધ્ધના ધોરણે ચાલી રહી છે. ભારત દેશે ૧૫૦ કરોડ ઉપરાંતના રસીકરણની ઐતિહાસિક સિધ્ધિ હાંસલ કરી છે, કોરોનાને નાથવાના જંગમાં ઈતિહાસ સર્જ્યો છે. વિશ્વના આ સૌથી મોટા રસીકરણ અભિયાનમાં ગુજરાત મક્કમતાથી અગ્રેસર રહ્યું છે.જેને ઈન્ડીયા ટુડે દ્વારા નોંધ લઈ પુસ્કૃત કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

આ પ્રસંગે પ્રભારીમંત્રીશ્રી દ્વારા જિલ્લા વહિવટી તંત્રને વિકાસના કામો માટે રૂ. ૨૫ લાખની ગ્રાન્ટનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. સાથે કોરોના વોરીયર્સને પ્રિકોશન ડોઝ આપવામાં આવ્યો હતો અને મંત્રીશ્રીના હસ્તે કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

અરવલ્લી જિલ્લાકક્ષાનો ૭૩મો પ્રજાસત્તાક પર્વ મોડાસાની ઈજનેરી કોલેજ ખાતે જિલ્લા સમાહર્તા શ્રી નરેન્દ્રકુમાર મીનાની ઉપસ્થિતિમાં યોજાયો હતો જયાં તેમણે ધ્વજવંદને સલામી આપી પોલીસ પ્લાટુનનું નિરીક્ષણ કર્યુ હતું. કલેકટર શ્રી નરેન્દ્રકુમાર મીનાએ જિલ્લાવાસીઓને પ્રજાસત્તાક પર્વની શુભકામનાઓ પાઠવી હતી સાથે કોરોના વોરીયર્સને પણ શુભેચ્છાઓ અપર્ણ કરી હતી. તેમણે વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતા આપણા દેશની એકતા અને અખંડિતાને ટકાવી રાખવામાં સંવિધાનનો મોટો ફાળો હોવાનું જણાવી દરેક નાગરીકને બંધારણમાંથી મળેલ મૂળભૂત ફરજો અને મૌલિક અધિકારોની સમજ આપી તેના દાયિત્વને નિભાવવા અરજ કરી હતી. વૈવિધ્યતાથી સમૃધ્ધ એવા દેશના નાગરિકો લોકશાહિને સાચવી રહ્યા હોવાનું પણ તેમણે ઉમેર્યુ હતું. છેવાડાના માણસ સુધી સ્વરાજના ફળ પંહોચાડવા રાજ્યની આ સરકાર કામ કરી રહી હોવાનું ઉમેરી તેમણે લોકાભિમુખ અને પારદર્શક વહિવટીનો અહેસાસ પ્રજાને થઈ રહ્યો હોવાનું તેમણે ઉમેર્યુ હતું.

કલેકટરશ્રીએ વૈશ્વિક મહામારીમાં કોરોનાને મ્હાત આપવા સૌ લોકો એકજુટ બન્યા જેથી પરિસ્થિતિને કાબુમાં લઇ શક્યા હોવાનું જણાવતા ઉમેર્યુ હતુ કે, દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની દિઘર્દ્રષ્ટીથી આરોગ્યક્ષેત્રે અસરકારક કદમ લેવાયા છે. તેમણે દેશના પ્રધાનમંત્રીશ્રીએ કોરોનાની મહામારી સામે મફત રસીકરણની શરૂઆત કરી અને સ્વદેશી રસીકરણની પહેલ કરી આત્મનિર્ભર ભારતના લક્ષ્યને સાકાર કરી રહ્યા છે. જેમાં ગુજરાતે પણ સર્વાંગી વિકાસ દિશામાં અગ્રેસર બની રહ્યા છે. કલેકટરશ્રીએ કોરોના મહામારીમાં ફ્રન્ટ લાઈન કોરોના વોરીયર્સ અને અન્ય સહયોગી સંસ્થાઓની કામગીરીને બિરદાવી મહામારીમાં જીવ ગુમાવનારને શ્રધ્ધાજંલિ પાઠવી તેમના પ્રત્યે સંવેદના વ્યકત કરી હતી.

કલેકટર શ્રીએ અરવલ્લી જિલ્લાની વાત કરતા જણાવ્યું હતું કે, ૨૦૧૩થી આ જિલ્લો અસ્તિત્વમાં આવ્યો ત્યારથી વિકાસક્ષેત્રે હરણફાળ ભરી રહ્યો છે. શામળાજીના કાળીયા ઠાકોર અને બૌધ્ધની અમૂલ્ય વિરાસત ધરાવતા શ્રધ્ધાના કેન્દ્રો છે. આઝાદીકાળમાં અમૂલ્ય ફાળો આ જિલ્લાનો રહ્યો છે. તો સાહિત્યક્ષેત્રે નામના ધરાવનાર ઉમાશંકર જોષી અને પન્નાલાલ પટેલ આ જિલ્લાના સપૂત હોવાનું જણાવ્યું હતું.



### સાંસદએ હિંમતનગર રેલ્વે સ્ટેશન ખાતે રાષ્ટ્રધ્વજ ફરકાવી સ્મારકનુ લોકાર્પણ કર્યું

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર રેલ્વે સ્ટેશન ખાતે સાબરકાંઠા- અરવલ્લી સાંસદશ્રી દિપસિંહ રાઠોડે રાષ્ટ્રીય પર્વ પૂર્વે તા. ૨૫ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ ૧૦૦ ફૂટની ઉંચાઈ પર કાયમી ધોરણે રાષ્ટ્ધ્વજ ફરકેલો રહેશે તે સ્મારકનું લોકાર્પણ કર્યું હતું. આમ જિલ્લાની જનતામાં રાષ્ટપ્રેમ જાગૃત કરી કાયમી સંભારણુ બની રહેશે. આ પ્રસંગે પશ્ર્ચિમ રેલવે અમદાવાદના ડી.આર.એમ, નગરપાલિકા પ્રમુખશ્રીમતિ યતિનાબેન મોદી, રેલ્વે પોલીસ તેમજ હિંમતનગર રેલ્વે સ્ટેશન, સ્ટાફ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.




# ગલતેશ્વર અંબર્ટો સિરામીકસ ઈન્ટરનેશનલ પ્રા.લી. કંપનીમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો

## દેશભકિત ગીતો સહિત સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા : કંપની દ્વારા સ્ટાફને ઇનામો આપી સન્માનિત કરવામાં આવ્યા

પ્રાંતિજ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ગલતેશ્વર રોડ ઉપરાંત આવેલા અંબર્ટો સિરામિક ઈન્ટરનેશનલ પ્રા.લી માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવીહતી જેમાં ઉજવણી કરવામાં આવીહતી જેમાં કંપનીના ડાયરેકટર સુધિર કે.મલેસા દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું જયારે ધ્વજ વંદન બાદ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતાં જેમાં દેશભકિત ગીતો , લોકનૃત્ય , તથા કંપની મા વર્ષ દરમ્યાન




દેશભકિત ગીતો સહિત સાંસ્કૃતિક કાર્યક્રમો ની સાથે કંપની ના કર્મચારીઓ કામદારો ને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં

પ્રાંતિજ તાલુકાના ગલતેશ્વર ખાતે આવેલ અંબર્ટો સિરામીકસ ઈન્ટરનેશનલ પ્રા .લી .કંપની માં ૭૩ માં પ્રજાસત્તાક દિનની યોજાયેલ વિવિધ કાર્યક્રમો તથા વિવિધ રમતગમત ના વિનર્સ રનર્સઅપને ટ્રોફી તેમજ ઈનામ આપી તેમણે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં તેમજ કંપનીમાં છેલ્લા પાંચ વર્ષ થી તથા દશ વર્ષ થી કામ કરતા કામદારો કર્મચારીઓ નુ પણ કંપની દ્વારા આ ખાસ પ્રસંગે તેવો નુ સન્માન કરવામા આવ્યુ હતુ તો સાંસ્કૃતિક કાર્યક્રમ મા ભાગ લેનાર તમામે-તમામ કલાકારો દ્વારા કંપનીના ડાયરેક્ટર સહિત આવનાર મહેમાનો સહિત પ્રેક્ષકો ના દિલજીતી લીધા હતા તો આ પ્રસંગે કંપનીના ડાયરેક્ટર સુધિર. કે.મલેસા , બિઝનેસ સ્ટ્રેટેજીસ્ટ શનિ મલેસા , જી.એમ.એચ.આર આર.કે.દાસ , જી.એમ.ટેકનિકલ સતિષ કુમાર , એ.જી.એમ.પરયેજ સરવર આલમ , ડાર્કટર એન.કે.ડેરિયા તથા વિશ્વેશ્વર ગોસ્વામી સહિત ઉપસ્થિત રહ્યા હતા તો અંબર્ટો કંપની દ્વારા દરવર્ષે ૧૫ મી ઓગસ્ટ તથા ૨૬ મી જાન્યુઆરીની ધામધૂમથી ઉજવણી કરે છે અને આ દિવસે વર્ષ દરમ્યાન યોજાયેલ વિવિધ રમતગમત તથા સાંસ્કૃતિક કાર્યક્રમ મા ભાગ લેનાર તથા વિજેતા ટીમો તથા કંપની ના કર્મચારીઓ સ્ટાફ નુ સન્માન કરી કંપની ગૌરવ અનુભવે છે તો સમગ્ર કાર્યક્રમ નુ સફર સંચાલન ફાલ્ગુની રોહિત તથા પવન કુમાર દ્વારા કરવામા આવ્યુ

# બાયડની વિશ્વા સર્જીકલ હોસ્પિટલનો ૨૧મા વર્ષમાં મંગલ પ્રવેશ

## આજથી ૨ દિવસ મફત નિદાન કેમ્પનું આયોજન

બાયડ તા.૨૭

મેડીકલ નગરી તરીકે આગવી ઓફખ ઉભી કરનારા બાયડમાં અનેક તબીબોએ યશસ્વી બે દાયકાથી પણ વધુની તબીબી સેવાઓ આપી છે. બાયડની વિશ્વા સર્જીકલ હોસ્પિટલ ૨૦ વર્ષ પૂર્ણ કરી ૨૧મા વર્ષમાં મંગલ પ્રવેશ કરતાં ડૉ. મિનેષભાઈ ગાંધી દ્વારા આજે તા.૨૮ અને ૨૯ જાન્યુઆરી એમ બે દિવસ દરમ્યાન મફત નિદાન કેમ્પ તથા રાહત દરે ઓપરેશનની સુવિધા આપવાની જાહેરાત કરી છે.

મોડાસા તાલુકાના સાકરીયાના વતની અને બે દાયકાથી બાયડને કર્મભૂમિ બનાવી દર્દીઓની સેવા કરનાર ડૉ.મિનેષભાઈ ગાંધીની તાજેતરમાં જ સર્જન્સ ઓફ ઈન્ડીયાના ગુજરાત એકમના પ્રમુખ તરીકે વરણી થઈ છે. બાયડના બસ



સ્ટેશન વિસ્તારમાં આવેલી તેમની વિશ્વા સર્જીકલ હોસ્પિટલને યશસ્વી ૨૦ વર્ષ પૂર્ણ કરી ૨૧મા વર્ષમાં મંગલ પ્રવેશ કરતાં તેઓએ તેનું ઋણ તો અદા થઈ શકે તેમ નથી પરંતુ હોસ્પિટલમાં તા.૨૮, ૨૯ જાન્યુઆરીએ મફત રોગ નિદાન કેમ્પનું આયોજન કર્યું છે. જેમાં સવારે ૧૦-૦૦ થી ૧-૦૦ અને ૪-૦૦ થી ૬-૦૦ દરમ્યાન સારંગ ગાંઠની તપાસ અને જરૂરીયાતમંદ દર્દીને સારંગ ગાંઠનું ઓપરેશન દૂરબીનથી જાફી મૂકીને તેમજ ટાંકાવાફું ખુબ જ રાહત દરે કરી આપવાનું જાહેર કર્યું છે. મસા, સારંગ ગાંઠના ઓપરેશન પણ દૂરબીનથી રાહતદરે આ બે દિવસ થશે. જ્યારે હોસ્પિટલમાં એન્ડોસ્કોપીની તપાસ કાયમી ધોરણે થાય છે તેનો લાભ લેવા દર્દીઓને જણાવ્યું છે. મફત નિદાન કેમ્પ અંગે ફોન નં.૨૨૧૩૬૦ અને મો.૯૪૨૬૦૧૩૯૩૦ ઉપર સંપર્ક કરવા જણાવ્યું છે.

# આખરે, અલવાગામ નજીક ઝેરી કચરા નિકાલની ડમ્પીંગ સાઈટ લોકસુનાવણી રદ

## અનેક લેભાગુઓની મનની મનમાં રહી ગઈ : કોરોના કારણે કલેક્ટરે લોકસુનાવણી મોકૂફ રાખી

બાયડ તા.૨૭

બાયડ તાલુકાના અલવાગામ નજીક સૂચિત ઝેરી કચરા નિકાલની ડમ્પીંગ સાઈટ અંગે રાખવામાં આવેલી લોકસુનાવણી વકરતા કોરોનાના કેસને ધ્યાને રાખી મુલત્વી રાખવાનો જિલ્લા કલેકટરે નિર્ણય કરતાં અનેક લેભાગુઓની મનની મનમાં રહી ગયાનું સંભફાઈ રહ્યું છે. જ્યારે બાયડના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ લોક સુનાવણી કાયમી ધોરણે રદ કરવા જિલ્લા વહિવટીતંત્રને રજુઆત કરી છે. જિલ્લા પ્રભારી મંત્રી કુબેરસિંહ ડિંડોર દ્વારા સૂચિત ઝેરી કચરા નિકાલની ડમ્પીંગ સાઈટ સામે લોકરોષ વધુ હોવાની મુખ્યમંત્રીને લેખિત જાણકારી આપ્યાનું જાણવા મળ્યું છે.

બાયડ તાલુકાના અનેક લેભાગુઓના કારણે તાલુકો પ્રદુષણના અજગરી ભરડામાં સપડાય તેવી દહેશત ઉભી થઈ છે. અનેક વખત લોકોના મસીહા તરીકે પોતાને રજુ કરનારા લેભાગુઓએ પાછલા બારણે પ્રદુષણ આંકતા એકમો પાસેથી લાખોની રોકડી કર્યાની લોકવાયકા આજે પણ સાંભફવા મફે છે. જો કે અનેક અનુભવી વ્યક્તિઓ આવા લેભાગુઓને સારી રીતે ઓફખી ગયા છે. બાયડ તાલુકાની અલવાગામ પંચાયતના સીમાડામાં સર્વે નં.૧૨૫/૧,૨,૩ માં મેસર્સ નરોડા એન્વાયરો પ્રોજેકટસ લિમીટેડ દ્વારા કોમન હેઝાર્ડસ વેસ્ટ ટ્રીટમેન્ટ, સ્ટોરેજ અને ડિસ્પોઝલ ફેસીલીટી એટલે કે ટી.એસ.ડી.એફ. સાઈટ માટેની સૂચિત પરિયોજના માટે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ સમક્ષ મંજુરી માંગી હતી. જે અન્વયે પર્યાવરણીય લોકસુનાવણી તા.૨૮ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે નિયત કરવામાં આવી હતી. પરંતુ લોકસુનાવણી સામે ૧૬ ગામના લોકો સહિત અનેક આગેવાનોએ વિરોધ વ્યક્ત કર્યો હતો. છતાં તંત્ર કોઈપણ ભોગે લોકસુનાવણી યોજવા મક્કમ બનતાં ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડની કામગીરી સામે પણ અનેક આરોપ લાગ્યા હતા. બોર્ડે લોકસુનાવણી રદ કરવાનો અધિકાર કલેક્ટર પાસે હોવાનું જણાવ્યું હતું. જ્યારે ભાજપના અનેક આગેવાનોને ઝેરી કચરા નિકાલની ડમ્પીંગ સાઈટ મુદ્દે ખુલ્લેઆમ પોતાનો વિરોધ વ્યક્ત કરી તંત્ર સમક્ષ લોકસુનાવણી રદ કરવા માંગ કરી હતી. આખરે કોરોનાની વર્તમાન સ્થિતિમાં માત્ર ૧૫૦ લોકો જ એકઠા થઈ શકે તેવી જોગવાઈ છે પરંતુ લોકરોષ જોતાં વધુ પ્રમાણમાં લોકો લોકસુનાવણીમાં હાજર રહે તેવી સંભાવનાને ધ્યાને રાખી અરવલ્લી કલેક્ટર ડૉ. નરેન્દ્રકુમાર મીણાએ લોકસુનાવણી મુલત્વી રાખવાનો નિર્ણય કરતાં ડમ્પીંગ સાઈટના દલાલો સાથે પાછલા બારણે મીલીભગત કરી છે તેવા અનેક લેભાગુઓની મનની મનમાં રહી ગયાની લોકચર્ચા છેડાઈ છે.

# આકરૂન્દ હાઈસ્કુલમાં રાષ્ટ્રના ૭૩મા પ્રજાસત્તાક પર્વની આન, બાન, શાનથી ઉજવણી





### શળાના વિજ્ઞાન શિક્ષક એમ.પી.પટેલના હસ્તે તિરંગો લહેરાવ્યો

ધનસુરા તાલુકાની આકરૂન્દ હાઈસ્કુલમાં રાષ્ટ્રના ૭૩મા પ્રજાસત્તાક પર્વની બુધવારે આન,બાન,શાનથી ઉજવણી કરવામાં આવી. કોરોનાની ગાઈડલાઈન મુજબ માત્ર ૧૫૦ વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં પ્રજાસત્તાક પર્વ ઉજવાયું હતું. શાફાના વિજ્ઞાન શિક્ષક એમ.પી. પટેલએ ઐતિહાસિક તિરંગો લહેરાવી સમગ્ર વિશ્વ કોરોના મહામારીમાંથી મુક્ત થાય તેવી પ્રાર્થના કરી હતી. કોરોનાના કારણે પાછલા બે વર્ષથી શૈક્ષણિક સંકુલોમાં રાષ્ટ્રીય પર્વ અને સાંસ્કૃતિ કાર્યક્રમોની ઉજવણી ફિકી બની ગઈ છે. તેમછતાં શૈક્ષણિક સંકુલોમાં કોરોના ગાઈડલાઈન પ્રમાણે રાષ્ટ્રીય પર્વની ઉજવણી થતી આવી છે. તા.૨૬, જાન્યુઆરીના રોજ આકરૂન્દ હાઈસ્કુલમાં રાષ્ટ્રના ૭૩મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. શાફાની વિદ્યાર્થીનીએ શોર્યગીત રજુ કરી દેશભક્તિનો માહોલ ઉભો કર્યો હતો. આકરૂન્દ કેળવણી મંડળના પ્રમુખ પ્રવીણ એમ. પટેલ, મંત્રી હસમુખભાઈ એન.પટેલ અને સમસ્ત કેફવણી મંડફ દ્વારા તિરંગો લહેરાવનારા શાફાના શિક્ષકનું યાદગાર બહુમાન કરવામાં આવ્યું હતું. કેળવણી મંડળના સભ્યો ઉપરાંત નિવૃત્ત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, રણછોડભાઈ એચ. દેસાઈ, પત્રકાર વિનોદભાઈ બી. પટેલ, આકરૂન્દ ગ્રામપંચાયતના અધ્યક્ષ રમણભાઈ ગોહિલ, આકરૂન્દ પ્રા.શાફાના આચાર્ય ઈશ્વરભાઈ પ્રજાપતિ, વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફફ આયોજન શાફાના આચાર્ય જે.ડી.ભાટી, પ્રા.વિભાગના આચાર્ય ગીતાબેન પટેલ, શિક્ષણ કો-ઓર્ડિનેટર પંકજભાઈ કટારા, તુષારભાઈ પટેલ અને શાળા પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું.